રજૂ તારીખ :૨૮/૦૨/૨૦૨૬.
દાખલ તારીખ :૨૮/૦૨/૨૦૨૬.
ફેંસલ તારીખ :૧૨/૦૩/૨૦૨૬.
અવધિ :વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૧૩.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૮૨/૨૦૨૬.**

**અરજદારો :–** (૧) **રોહિત ઉર્ફે બલી રણછોડભાઇ રાઠોડ,**
રહેવાસી : ભાથીજી ફળીયું, જોખા ગામ,
તાલુકો : કામરેજ, જીલ્લો : સુરત.

(૨) **નિશાંત ઉર્ફે દેવ નૈનેશભાઇ રાઠોડ,**
રહેવાસી : મોરા ફળીયું, મોટી ફળોદ,
તાલુકો : બારડોલી, જીલ્લો : સુરત.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદારો તરફે વિદ્વાન વકીલ શ્રી પી. એચ. સોલંકી.**

**સામાવાળા તરફે વિ. સ્પે. પી.પી. શ્રી કે. કે. રોહિત.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદારો/આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદારો/આરોપીઓની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, માંડવી પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજિ.

નંબર : ૧૧૨૧૪૦૩૨૨૫૧૭૪૭/૨૦૨૫, પ્રોહિબીશન એકટની કલમ-૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાના કામે હાલના અરજદારોને અટક કરવામાં આવેલા છે. અરજદારો/આરોપીઓ હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદારો/આરોપીઓના વિ. વકીલ શ્રી પી. એચ. સોલંકીની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદારો સામે પ્રોહિબીશન એકટની કલમ-૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારોએ ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરેલ નથી. અરજદારો નિર્દોષ છે અને અરજદારોને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદારો/આરોપીઓએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઈ ભાગ ભજવેલ નથી. માત્ર શંકાના આધારે અરજદારોને અટક કરવામાં આવેલા છે. સદર કામે તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. હવે કોઈ મુદ્દામાલ રીકવર કરવાનો રહેતો નથી. આરોપીઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ આક્ષેપ નથી. અરજદારો સુરત જીલ્લાના કાયમી રહીશ છે. અરજદારો મજૂરી કરે છે અને તેઓ ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદારો રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીઓને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. સેપે. પી.પી. શ્રી કે. કે. રોહિતની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદારો સામે પ્રોહિબીશન એકટની કલમ-૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે પોલિસ તથા પંચોના માણસોએ બૌધાન ગામની સીમમાં ભવ્ય ફાર્મની પાછળ રેઈડ કરતાં સહઆરોપીઓ વિશાલભાઈ

મકવાણા, સાજન પરમાર, સુનિલકુમાર પરમાર તથા જેનિશકુમાર ચૌધરીનાઓ પકડાઇ જવા પામેલા, જયારે હાલના અરજદારો તથા અન્ય ઇસમો ભાગી ગયેલા. સ્થળ ઉપરની ત્રણ કારમાંથી તથા ત્યાં નજીકમાં જમીન ઉપરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન, કુલ નંગ-૬,૨૧૬, કિંમત રૂા.૧૫,૧૦,૮૦૦/- નો જથ્થો મળી આવેલ. સહઆરોપી મનોજગામીનનાઓ મુદ્દામાલ દારૂનો જથ્થો લેવા માટે હાલના અરજદારો તથા સહઆરોપી જેનીશ સાથે ઇનોવા ગાડી લઇને આવેલા અને રેઇડ દરમ્યાન અરજદારો સ્થળ ઉપરથી ભાગી ગયેલા. આમ, હાલના અરજદારોએ મુદ્દામાલ દારૂનો જથ્થો કારમાં ભરવા માટે સહઆરોપીઓને મદદ કરી સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. જો અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદારો સામે પ્રોહિબીશન એકટની કલમ-૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે પોલિસ તથા પંચોના માણસોએ બૌધાન ગામની સીમમાં ભવ્ય ફાર્મની પાછળ રેઇડ કરતાં સહઆરોપીઓ વિશાલભાઇ મકવાણા, સાજન પરમાર, સુનિલકુમાર પરમાર તથા જેનિશકુમાર ચૌધરી જેનિશકુમાર ચૌધરીનાઓ પકડાઇ જવા પામેલા, જયારે હાલના અરજદારો તથા અન્ય સહઆરોપીઓ મનોજ ગામીત, યોગેશ પરમારનાઓ ભાગી ગયેલા. સ્થળ ઉપરની ત્રણ કારમાંથી તથા ત્યાં નજીકમાં જમીન ઉપરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન, કુલ નંગ-૬,૨૧૬,

કિંમત રૂા.૧૫,૧૦,૮૦૦/– નો જથ્થો મળી આવેલ. સદર જથ્થો સહઆરોપી અતુલ પરમાર તથા મનોજ ગામીતે મંગાવેલ હતો. મુદ્દામાલ દારૂનો જથ્થો ઈનોવા કારમાં ભરવા માટે સહઆરોપી મનોજ ગામીતનાઓ હાલના અરજદારોને સ્થળ ઉપર લઈ ગયેલા હતા. હાલના અરજદારો તથા સહઆરોપી સ્થળ ઉપરથી વાહનોમાં દારૂનો જથ્થો ભરી રહ્યા હતા ત્યારે રેઈડ થતાં અરજદારો સ્થળ ઉપરથી ભાગી ગયેલા. આમ, હાલના અરજદારો બનાવ સ્થળે દારૂનો જથ્થો વાહનમાં ભરવા માટે ગયેલ હોવાનું જણાઈ આવે છે. આ સિવાય બીજી કોઈ ભૂમિકા અરજદારોની જણાઈ આવેલ નથી. સદર ગુનાના સહઆરોપીઓ વિશાલભાઈ મકવાણા, સાજન પરમાર, સુનિલકુમાર પરમાર તથા જેનિશકુમાર ચૌધરીને અત્રેની અદાલતે જામીન ઉપર મુકત કરેલા છે. જામીન ઉપર મુકત થયેલા ઉપરોકત સહઆરોપીઓ કરતાં હાલના અરજદારોની ગુનાના કામની ભૂમિકા વધુ ગંભીર હોય તેમ જણાઈ આવતું નથી, તેથી અરજદારોને પેરિટીના સિદ્ધાંતનો લાભ આપી જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે. અરજદારો સામેના આક્ષેપિત ગુનાઓ ધ્યાને લેતાં તેઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ આક્ષેપ નથી. વળી, ગુનાનો પ્રકાર જોતાં આરોપીઓ પુરાવા સાથે ચેડાં કરે તેમ પણ જણાઈ આવતું નથી. આરોપીઓ સામેના ગુનાની ટ્રાયલ વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ચાલવા પાત્ર છે અને આરોપીઓ સામેની ટ્રાયલ ચાલતાં સમય જાય તેમ છે. અરજદારો સામે અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાની કોઈ હકીકત તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં જણાઈ આવતી નથી, એટલે કે અરજદારોનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદારો સુરત જીલ્લાના કાયમી રહીશ છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે અરજદારોની હાજરી ઉપલબ્ધ બની રહેશે તેમ જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં આરોપીઓને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઈ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઈ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઈ., ૨૦૧૨ ક્રિમિનલ લો જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીઓને યોગ્ય શરતોને આધિન જામીન

ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદારો/આરોપીઓ (૧) રોહિત ઉર્ફે બલી રણછોડભાઇ રાઠોડ તથા (૨) નિશાંત ઉર્ફે દેવ નૈનેશભાઇ રાઠોડની હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૧૮૨/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) માંડવી પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજી. નંબર : ૧૧-૨૧૪૦૩૨૨૫૧૭૪૭/૨૦૨૫, પ્રોહિબીશન એકટની કલમ-૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાના કામે દરેક અરજદાર/આરોપી રૂા.૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-:: શ ર તો ::-**

(૧) અરજદારો/આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદારો/આરોપીઓએ તપાસ કરનાર અમલદાર સમક્ષ તથા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદારો/આરોપીઓ જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે વિ. ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદારો/આરોપીઓએ સદરહુ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

(૫) અરજદારો/આરોપીઓએ આ હુકમની તારીખથી પાંચ માસ સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કોઇ પણ એક દિવસે સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પૂરાવવી અને જો આ સમયગાળા દરમ્યાન ચાર્જશીટ દાખલ થાય તો ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારોએ હાજરી પૂરાવવાની રહેશે નહીં.

આ હુકમની ચાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૧૨ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૨/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594